અપીલ અરજી નં.૧૮૦ તા.૩–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયા
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયાની તા.૧૨–૭–૧૦ ની અરજીથી ૧૯૬૧–૬૨, ૧૯૬૨–૬૩ વર્ષ દરમ્યાન ઘર નં.૨૭૩ માટે સ્વ.શ્રી કાનજીભાઈ પરસોત્તમ ભાઈ ની ભોગવટા અંગે નામફેર માટેની અરજી સોગંદનામુ કેફિયત વિગેરેને લગતી તુમાર (ફાઈલો) ની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૦/૨૦૧૦–૧૧

શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયાની તા.૧૨–૭–૧૦ ની અરજીથી ૧૯૬૧–૬૨, ૧૯૬૨–૬૩ વર્ષ દરમ્યાન ઘર નં.૨૭૩ માટે સ્વ.શ્રી કાનજીભાઈ પરસોત્તમ ભાઈ ની ભોગવટા અંગે નામફેર માટેની અરજી સોગંદનામુ કેફિયત વિગેરેને લગતી તુમાર (ફાઈલો) ની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબતે આપેલ માહિતી માંગ્યા મુજબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૯ તા.૧૬–૯–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ગત ૯ થી ૧૦ માસ દરમ્યાન કરેલ અરજી સામે સંયુકત અપીલ કરેલ જણાય છે કઈ અરજી તારીખ સામે અપીલ છે તે અંગે સ્પષ્ટતા કરવા તથા કલમ–૧૯(૧) ની જોગવાઈ સામે દિન–૩૦ ની અવધિ વાળી અપીલ ધ્યાને લેવાય, વિલંબથી કરેલ અરજી માટે વાજબીપણું જણાવવું રહે. વધુમાં સાથે જાહેર માહિતી અધિકારી તરફથી સંતોષકારક માહિતી મળેલ નથી તેવુ જણાવેલ છે પરંતુ કઈ અરજી સાથે અપીલ કરવા ઈચ્છે છે તે માહિતીની નકલ રજુ કરેલ નથી. તે નકલ રજુ કરી શી વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૮૪ તા.૩૦–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં પાના નં.૧ થી ૩૦૫ ની ફાઈલ અત્રે મોકલવામાં આવેલ છે તથા એન.ઝેડ/એઆરડી/૩૮૬ તા.૧–૧૦–૧૦ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ માહિતીની નકલ ફાઈલ સહિત અત્રે મોકલવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૯–૧૦ નો ૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામું કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી બાબતે તા.૩–૯–૧૦ ના રોજ અપીલ અરજી માં ગત ૯ થી ૧૦ માસ દરમ્યાન કરેલી અરજીઓ સામે સંયુકત અપીલ કરેલ જણાય છે. જે અંગે અરજદારને અપીલ તબકકે કઈ અરજી તારીખ સામે અપીલ છે તે અંગે સ્પષ્ટતા કરવા તથા કલમ–૧૯(૧) ની જોગવાઈ સામે દિન–૩૦ ની અવધિવાળી અપીલ ધ્યાને લેવાય, વિલંબથી કરેલ અરજી માટે વાજબીપણું જણાવવું રહે. વધુમાં સાથે જાહેર માહિતી અધિકારી તરફથી સંતોષકારક માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે પરંતુ કઈ અરજી સામે અપીલ છે તેની આપેલ માહિતીની નકલ રજુ કરેલ નથી. તે નકલ રજૂ કરી શી વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરવું જરૂરી છે. તેવું જણાવેલ. જે બાબતે અરજદારે તેવી કોઈ પણ વિગતો રજૂ કરેલ નથી. પરંતુ તા.૨૭–૯–૧૦ થી રૂા.૨૦/– થી સ્ટેમ્પ પેપર ઉપર પત્ર રજૂ કરી અપીલ અરજીમાં રજૂ કર્યાની તારીખ અને આઈ ડી નંબરની વિગત મુજબ સંયુકત અપીલ કરેલ છે જે અંગેના હકીકત પુરાવાને આધાર રૂબરૂમાં રજૂ કરીશ તેવું જણાવેલ છે. વધુમાં અપીલ અરજીમાં જણાવેલ આઈ ડી નં.૧૩૫ ને બદલે ૧૩૪ વંચાણે લેવા જણાવેલ છે. પરંતુ અપીલ ના વિલંબ અંગે કોઈ વાજબીપણું કે આધાર રજૂ કરેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેથી અરજદારની તા.૧૨–૭–૧૦ ની અરજીથી ૧૯૬૧–૬૨, ૧૯૬૨–૬૩ વર્ષ દરમ્યાન ઘર નં.૨૭૩ માટે સ્વ.શ્રી કાનજીભાઈ પરસોત્તમભાઈ ની ભોગવટા અંગે નામફેર માટેની અરજી સોગંદનામુ કેફિયત વિગેરેને લગતી તુમાર (ફાઈલો) વિગેરે અરજદારની અપીલ અરજીમાં જણાવેલ આઈ ડી નં.૨૫૦ તા.૧૦–૧૨–૦૯, આઈ ડી નં.૩૨૯ તા.૬–૨–૧૦,આઈ ડી નં.૩૩૦ તા.૬–૨–૧૦, આઈ ડી નં.૩૩૮ તા.૧૧–૨–૧૦, આઈ ડી નં.૩૨ તા.૨૦–૪–૧૦, આઈડી નં.૩૩ તા.૨૦–૪–૧૦ સુધીની માહિતી માંગતી અરજીઓની સંયુકત અપીલ ગુણદોષ પર ગ્રાહય રાખી શકાય નહીં પરંતુ તેમની તા.૧૨–૭–૧૦ ની અપીલ અરજી સમય અવધિમાં હોઈ તે અપીલ ગ્રાહય રાખવા પાત્ર ઠરે તેમ છતાં અરજીઓનો વિષય વસ્તુ એક જ હોવાથી તેમજ જાહેર માહિતી

અધિકારી તેમજ અરજદાર એક જ હોવાથી તેમજ અરજદારે સંયુકત અપીલ કરેલ હોવાથી તેમજ અરજદારે પણ પૂરક વિગતોમાં સંયુકત અપીલ કરેલ જણાવેલ છે. તે બાબતને પણ લક્ષમાં રાખવામાં આવેલ છે.

અરજદારની તા.૧૨–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૬૮ તા.૧૦–૮–૧૦ થી આકારણી અને વસુલાત વિભાગમાં રેકર્ડ મુજબના નંગ–૭ કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન સવારે ૧૧ થી સાંજે ૪.૩૦ કલાક દરમ્યાન આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી તે અંગેના દસ્તાવેજી ખર્ચ રૂા.૧૪/– જમા કરાવી મેળવી લેવા જણાવવામાં આવેલ છે. તદઉપરાંત સદર કચેરીમાં આ સિવાય અન્ય કોઈ પુરાવા સદર મિલ્કત ઘર નં. ૨૭૩ અમરોલીના મિલ્કતના ઉપલબ્ધ નથી તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ. સદર પત્ર ઉપર અરજદારે નોધ કરીને " માંગણી મુજબની માહિતી ન હોય મેળવેલ નથી" તેવા રીમાર્કસ સાથે તા.૧૧–૮–૧૦ ના રોજ નીચે સહી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ ગ્રામ પંચાયતના ઘર નં.૨૭૩ માં નામફેર કરવા બાબત ઠરાવ નં.૧૭ ની માહિતી દફતરી રજીસ્ટરની નકલ રજૂ કરેલ છે. જેમાં મોજે અમરોલી તા. ચોર્યાસી ઘર નં.૨૭૩ માં રૂસ્તમભાઈ કાવસજીના નામે ચાલે છે તા.૨૪–૯–૧૯૬૫ ના રોજ કાનજીભાઈ પરસોત્તમભાઈએ વેચાણ લીધી છે જેથી તેમના નામે કરવાનું સર્વાનંમતીએ નકકી કર્યુ છે તે ઠરાવની નકલ તથા જેના બેસાડવામાં લાયક ઈમારતો અને જમીનની આકારણીની યાદી ગ્રામપંચાયત દફતરે ૧૯૬૫–૬૬ એન્ટ્રી રજીસ્ ટારમાં પ્રોપટી મિલ્કત ૨૭૩ના માલીક નામ તરીકે રૂસ્તમજી કાવસજી અને કાનજીભાઈ પરસોત્તમ ભાઈ દર્શાવેલ છે તથા કાનજીભાઈ પરસોત્તમભાઈનો ભોગવટોમાં પણ દર્શાવેલ છે તથા વધારા ઘટાડાના હુકમની કોલમ–૧૭ માં પણ તા.૧૫–૬–૬૮ ના ઠરાવ નં.૧૭ થી નામફેર તેવું જણાવેલ છે. આમ અરજદારે નામફેર ની વિગતો મેળવેલ નથી. પરંતુ અરજદારે તા.૩–૯–૧૦ ના રોજ સદર અરજી સહિત અગાઉની ૯ કે ૧૦ માસ દરમ્યાન કરેલી અરજીઓ સાથેની સયુકત અપીલ અરજી કરેલ છે. જે બાબતે સદર અરજી બાબતે અપીલમાં કોઈ આધાર મે વાજબીપણું રજૂ કરેલ નથી. અને અપીલ તબકકે અરજદારને આરટીઆઈ સેલ/૬૯૯ તા.૧૬–૯–૧૦ ના પત્ર બાબતે પણ નારાજગી અગે સ્પષ્ટતા માંગવા છતાં પણ રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૭ તા.૨૯–૯–૧૦ ના પત્રથી તા.૭–૧૦–૧૦ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે એક સુનાવણી રાખવામાં આવેલ છે જેમાં અરજદાર તેમના વકીલ શ્રી દિલીપ નગીનદાસ રાઠોડ સાથે હાજર રહી તેમનું વકીલપત્ર અપીલ અધિકારી સમક્ષ રજૂ કરેલ. તેઓ તરફથી બધી જ અરજીઓ માટે અપીલની રજૂઆત હોવાનું જણાવેલ. તેમના એડવોકેટે અરજદારની તમામ અરજીઓના મુદ્દાઓની માહિતીની માંગણી સરખી છે તેઓએ તુમાર ફાઈલની માહિતીની માંગણી કરેલ તેમાંથી કંઈ પણ મળેલ નથી. તા.૧૨–૭–૧૦ ની અરજીમાં આ વિષય વસ્તુનો સમાવેશ થયેલ છે જે તા.૧૦–૮–૧૦ ના પત્રના અનુસંધાને રૂા.૧૪/– ભરી માહિતી મેળવવા જણાવેલ. પરંતુ તેમાં માત્ર ઠરાવની નકલો હોવાથી સ્વીકારેલ નથી. અને તેઓ તા.૧૧–૮–૧૦ ના રોજ મુળ પ્રત પર શેરો કરેલ અને માંગેલ માહિતી મળેલ નથી તેવું જણાવેલ. તા.૯–૯–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર થયેલ પરંતુ મે માંગેલી માહિતી આપવામાં આવેલ નહીં અને બતાવવામાં આવેલ નહીં અમો અમારા પ્રતિનિધિઓ સાથે ચાર્જ યાદી તપાસેલ છે અરજદારે ચાર્જ યાદીની ફાઈલ જોયા પછી અરજદારે ઝોન ખાતે પુનઃ ચાર્જ યાદીની ફાઈલ ચકાસણી કર્યા બાદ તેમાંથી કયા દફતરનું ઈન્સ્પેકશન કરવું તે તેઓ તારવી બતાવશે. તથા ઈન્સ્પેકશન મેળવ્યા બાદ ખપ લાગે તેટલી નકલો મેળવી શકે તેવો હુકમ કરવા રજૂઆત કરેલ છે. ચાર્જ યાદીની નકલ નાણા ભરી મેળવવા તૈયારી દર્શાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી એસેસમેન્ટ એન્ડ રીકવરી કતારગામ હાજર રહી અમરોલી નગરપાલિકામાં સમાવેશ થયા બાદ જે દફતર મળેલ છે તે પૈકી પંચાયતના ઠરાવની નકલો માહિતી અરજીના અનુસંધાને ઉપલબ્ધ હોય તે આપવા તૈયારી દર્શાવેલ સાથે આકારણી રજીસ્ટરની નકલ પણ આપવા તૈયારી દર્શાવેલ. આ સિવાયનો બીજો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તા.૯–૯–૧૦ ના રોજ અરજદારે ૧૧.૦૦ કલાકે તપાસણી માટે હાજર રહેલ પરંતુ તેમને કેફીયત વિગેરે તુમાર ફાઈલો તપાસ અર્થે આપેલ નથી તેવું જણાવેલ છે. જયારે કચેરીમાં જે ઉપલબ્ધ દફતર હતું તેની તપાસણી તૈયારી દર્શાવેલ તેવું જણાવેલ. જે ઠરાવ રજીસ્ટર અને આકારણી ઈન્સ્પેકશન કરવા ખાતાએ જણાવેલું પરંતુ અરજદાર તેની અમારી માંગણી નથી તેવું જણાવી તે ચકાસેલ નહીં. જાહેર માહિતી અધિકારીએ અમરોલી નગરપાલિકાનો એસએમસીમાં સમાવેશ થયો જે તે સમયે દફતર મેળવેલું તેની ચાર્જ યાદી રજૂ કરવામાં આવી છે. જે અપીલ અધિકારી સમક્ષ રજૂ કરી જેમાં કોઈ તુમારનો સમાવેશ નથી અપીલ અધિકારીશ્રી ધ્વારા આ ચાર્જ યાદીની નકલ તપાસણી માટે અરજદાર તથા તેઓના પ્રતિનિધિ એડવોકેટને જોવા માટે તક આપવામાં આવી. જાહેર માહિતી અધિકારીએ આ ચાર્જ યાદીની નકલ અરજદારને પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. જે બાબતે અરજદારે આઈ ડી નં.૩૨,૩૩ થી તા.૨૦–૪–૧૦ ના રોજ માંગેલ માહિતી સંદર્ભે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૮૬ તા.૧–૧૦–૧૦ થી આપેલી માહિતીમાં સદર મિલ્કત બાબતની અરજી કેફીયત તુમાર ફાઈલ વિગેરે બાબતની તેમજ અન્ય કોઈ માહિતી /પુરાવા કતારગામ ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું પૂરક માહિતીમાં અરજદારને આપેલી માહિતીની નકલ રજૂ કરેલ છે તેમાં જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ. તા.૭–૧૦–૧૦ ની સુનાવણી દરમ્યાન બંને પક્ષોની રજૂઆતો બાદ જાહેર માહિતી અધિકારીએ અમરોલી નગરપાલિકાની ચાર્જ યાદી રજૂ કરેલ અને જે અપીલ અધિકારીને બતાવેલ અને અપીલ અધિકારીએ અરજદાર અને તેમના વકીલને તપાસણી અર્થે આપવામાં આવેલ. જેમાં અરજદાર અને તેઓના વકીલ ચાર્જયાદીની તપાસણી બાદ ચાર્જ યાદીની નકલો મેળવવા અને તેમાંથી કયા દફતરનું ઈન્સ્પેકશન કરવું તે તારવીને બતાવશે અને તેટલું ઈન્સ્પેકશન મેળવ્યા બાદ ખપ પૂરતી નકલો મેળવવા સંમત થયેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પણ તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ  અરજદારને  સુનાવણી સમયે  બતાવેલ અમરોલી નગરપાલિકાની ચાર્જયાદીની નકલો  આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી વસુલ લઈદિન–૭ માં પૂરી પાડવા તથા  તે ચાર્જ યાદીની નકલ  મળ્યા બાદ  અરજદાર તરફથી  જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી દફતરી તપાસણી માટે જણાવ્યેથી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી પૂરી પાડી  અરજદાર માંગે તે નકલો  નિયત દસ્તાવેજ ચાર્જ વસુલ લઈ અરજદારને પૂરી પાડવા તથા થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવાડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :      –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયા